# પ્રાકૃતિક કૃષિમાં જીવાત નિયંત્રણ

આજકાલની ભાગતી જતી દુનિયામાં દવા વગરનું ખાવું અને દવા વગરનું પકડવું એ એક વિચાર માંગી લે એવી બાબત છે. હાલના સમયે વધતાં જતા રોગો જે માનવ શરીર માટે ઉભરતો પ્રશ્નો છે. આ રોગો માટે સારું ભોજન / આહાર એક પ્રાકૃતિક ખેતી જ આપી શકે તેમ છે.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો જીવામૃતનો ઉપયોગ તો સારી રીતે કરી લે છે તેમજ મોટાભાગના ખેડૂતો જીવામૃત અને ધનજીવામૃતનો ઉપયોગ કરતા જ હોય છે. પણ જીવામૃત એ જીવાત સામે ઉપયોગ માં આવે નહિ અથવા એમ કહેવા જઈએ તો એને અટકાવી નહી શકે. પ્રાકૃતિક ખેતીમાં જીવાત નિયંત્રણ માટે નીમાંસ્ત્ર,અગ્નિઅસ્ત્ર, દશપરની અર્ક તેમજ બ્રમાસ્ત્રનો ઉપયોગ કરવો એ ખેડૂત આલમ માટે ખુબ જ જરૂરી જણાય છે. ચાલો તો આજે સમજીએ કે આ બધી દવાઓ કઈ વનસ્પતીનો ઉપયોગ કરી બનાવી શકાય અને તેનો ઉપયોગ આપડા ધરતી પુત્રો કઈ રીતે કરી શકે છે.

**૧. નીમાસ્ત્ર:-**

ચૂસીયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે:-

રીત: પાંચ કિ.ગ્રા. લીમડાના લીલા પાન અથવા પાંચ કિ.ગ્રા. સુકાયેલી લાંબોળી લઈ, ખાંડીને રાખવી. ૧૦૦ લીટર પાણીમાં આ ખાંડેલ લીમડો અથવા લીંબોળીનો પાવડર નાખો. એમાં ૫ લીટર ગૌમૂત્ર નાખો અને ૧ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ ભેળવવું. લાકડીથી આને મિશ્ર કરી ૪૮ કલાક સુધી ઢાંકીને રાખવું. દિવસમાં ત્રણ વખત હલાવવું અને ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી



ગાળી લેવું, હવે પાક પર સીધો છંટકાવ કરો.

**૨. અગ્નિ અસ્ત્ર:**

વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, ફળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે.

**સામગ્રી:-**

૧. ગૌ મૂત્ર ૨૦ લિટર

૨. લીમડાના પાન ૫ કિ. ગ્રા.

૩. લસણ ૫૦૦ ગ્રા.

૪. મરચાં ૫૦૦ ગ્રા.

૫. નફ્ફટિયાના પાન ૧ કિ. ગ્રા.

**રીત :-**

૨૦ લીટર ગૌમુત્ર લો. તેમાં અડધો કિ.ગ્રા. લીલા મરચાં ખાંડીને નાખો તેમજ અડધો કિ.ગ્રા. લસણ ખાંડીને નાખો. ૫ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને ઉમેરવા અને મિશ્રણને લાકડીથી હલાવવું. આશરે ૪-૫ વખત ઉકાળ્યા પછી ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ પડવા દેવું. ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળીને એક વાસણમાં ભરીને રાખો. ૧૫ લીટર પાણીમાં ૩૦૦-૪૦૦ મિલી ના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

અગ્નિઅસ્ત્ર જ્યારે જીવાત પાક ઉપર પાડવાની શરૂઆત થાય ત્યારથીજ છાંટવાની શરૂઆત કરી દેવી. દર ૧૨, ૧૫ અને ૨૦ સિવસના અંતરે એક છંટકાવ કરવો જેથી જીવાતો પાકથી દૂર રહે.

**૩. બ્રહ્માસ્ત્ર:-**

કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે

**સામગ્રી:**

૧.ગૌ મૂત્ર ૧૦ લિટર

૨. લીમડાના પાન ૩ કિ. ગ્રા.

૩. કરંજના ૧. પાન ૨ કિ. ગ્રા.

૪. સીતાફળના પાન ૨ કિ. ગ્રા.

૫. સફેદ ધતૂરાના પાન ૨ કિ. ગ્રા.

**રીત:-**

૧૦ લીટર ગૌમુત્ર લો. તેમાં ૩ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને નાખો એમાં ૨ કિ.ગ્રા. કરંજના પાન નાખો. જો કરંજના પાન ન મળે તો ૩ કિ.ગ્રા. લીમડાના પાનની જ્ગ્યાએ ૫ કિ.ગ્રા. લીમડાના પાન નાખો, તેમાં ૨ કિ.ગ્રા સિતાફળના પાન ખાંડીને નાખો, ત્યાર બાદ તેમાં ૨ કિ.ગ્રા. સફેદ ધતુરાના પાન ખાંડીને ઉમેરો. હવે આ મિશ્રણને ગૌમુત્રમાં ભેળવી અને ઢાંકીને ઉકાળવું . આશરે ૩-૪ વખત ઉભરા આવ્યા પછી તેને ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ થવા દેવું. પછી કપડાથી ગાળીને કોઈ મોટા વાસણમાં ભરીને રાખો. આ થઈ ગયુ બ્રહ્માસ્ત્ર તૈયાર ૧૦૦ લીટર પાણીમાં ૨- ૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

જીવાતની શરૂઆતથી જ દર ૧૫ દિવસના અંતરાળે છાંટવું.

અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર બંને જીવાતો માટે અને તેમાં પણ ખાસ કરીને ઈયળો, મોટો જીવાતો અને કિટકોને નિયંત્રણ લાવવામાં સારી એવી મદદ પુરવાર થાય છે. ૧૫ દિવસના અંતરાળે છંટકાવ કરવો જેથી સારી એવી અસર દેખાય છે.

**૪. દશપર્ણી અર્ક દવા :-**

**રીત :-**

એક પીપ અથવા માટીના વાસણમાં ૨૦૦ લીટર પાણી લો. તેમાં ૧૦ લીટર ગૌમૂત્ર નાખો. ૨ કિ.ગ્રા. દેશી

ગાયનું છાણ નાખી બરાબર મિશ્ર કરો. ત્યાર પછી એમાં ૫ કિ.ગ્રા. લીમડાની નાની નાની ડાળીઓના કટકા

કરીને નાખો, તેમજ

૨ કિ.ગ્રા. સીતાફળના પાન,

૨ કિ.ગ્રા. કરંજના પાન,

૨ કિ.ગ્રા. એરંડાના પાન,

૨ કિ.ગ્રા. ધતુરાના પાન,

૨ કિ.ગ્રા. બીલીના પાન,

૨ કિ.ગ્રા. બોરના પાન,

૨ કિ.ગ્રા. પપૈયાના પાન,

૨ કિ.ગ્રા.બાવળના પાન,

૨ કિ.ગ્રા. જામફળના પાન,

૨ કિ.ગ્રા. જાસૂદના પાન,

૨ કિ.ગ્રા. તરોટેના પાન,

૨ કિ.ગ્રા.બાવચીના પાન,

૨ કિ.ગ્રા. આંબાના પાન,

૨ કિ.ગ્રા. કરેણના પાન,

૨ કિ.ગ્રા. દેશી કારેલાના પાન,

૨ કિ.ગ્રા.ગલગોટા છોડના ટુકડા ઉમેરો.

ઉપર જણાવેલ વનસ્પતિઓમાંથી કોઈપણ દશ વનસ્પતિ નાખો.

જો આપના વિસ્તારમાં બીજી ઔષધીય વનસ્પતિઓની જાણ હોય તો તેના પણ પાન લેવા. ત્યાર પછી અડધાથી એક કિ.ગ્રા. ખાવાની તમાકુ અને અડધો કિ.ગ્રા. તીખા મરચાની ચટણી નાખવી. તે પછી એમાં ૨૦૦ ગ્રામ સુંઠનો

પાઉડર તેમજ ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર નાખવો, હવે તેને લાકડીથી હલાવવું, હવે આ મિશ્રણને છાંયામાં

રાખી દિવસમાં ૨ વખત સવાર અને સાંજ લાકડીથી હલાવવું. આ મિશ્રણને વરસાદના પાણી તેમજ તડકાથી

બચાવવું. આ મિશ્રણને તૈયાર થવામાં ૪૦ દિવસ લાગે છે. ત્યાર બાદ તેને કપડાથી ગાળી અને વાસણમાં

ઢાંકીને રાખવું. આ મિશ્રણને છ માસ સુધી રાખી શકાય. ૨૦૦ લીટર પાણીમાં ૫ થી ૬ લીટર દશપર્ણી

જીવાતના નિયંત્રણ માટે છાંટવું. આ ખૂબજ સરળ અને અસરકારક છે.

‘ આ લેખ ફક્ત ખેડૂતોને વિવિધ પાકોની આધુનીક ટેકનોલોજી અંગે

જાણકારી પૂરી પાડવા માટે જ છે. જ્યુડીશીયલ મેટર માટે નથી’

**ડો. બીપીન એમ. વહુનીયા,**
**ડો. સાગર એ. પટેલ,**
**ડો. પ્રતિક જાવિયા,**
**ડો. જે. બી. ડોબરીયા,**
**શ્રી. શ્રેયાંશ ચૌધરી,**
**શ્રી. કશ્યપ પટેલ,**

કૃષિ પ્રભાતમાં લેખ ૭૦૦ શબ્દોની મર્યાદામાં યુનિકોડમાં ટાઈપ કરેલ વર્ડની ઓપન ફાઈલ માત્ર ઈ-મેઈલ krushiprabhat01@gmail.com પર મોકલવા.